# રાજ્યમાં આગામી ૧૭ થી ૨૬ એપ્રિલ દરમિયાન “સૌરાષ્ટ્ર તમિલ સંગમ” કાર્યક્રમનું આયોજન

**તમિલનાડુના ચેન્નાઈ ખાતે કાર્યક્રમના લોગો, થીમ સોંગ અને રજીસ્ટ્રેશન પોર્ટલનું કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાના હસ્તે અનાવરણ કરાયું**




ગાંધીનગર, તા.૧૯

કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ગુજરાતમાં આગામી ૧૭ થી ૨૬ એપ્રિલ દરમિયાન “સૌરાષ્ટ્ર તમિલ સંગમ” કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષો પહેલા ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી સ્થળાંતર કરીને તમિલનાડુ રાજ્યમાં સ્થાયી થયેલા લોકોને સન્માનિત કરવા તેમજ બંને રાજ્યો વચ્ચેના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોની ઉજવણી કરી સંસ્કૃતિનું આદાન-પ્રદાન કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આજે તા.૧૯મી માર્ચના રોજ ચેન્નાઈ ખાતે કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવીયા, શ્રી અનુરાગ ઠાકુર, ડૉ. એલ.મુરુગ્ગન તેમજ ગુજરાતના મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા અને રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની પ્રેરક ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર તમિલ સંગમના લોગો, થીમ સોંગ અને રજીસ્ટ્રેશન પોર્ટલ જટ્ટેટ્ટિજરંટ્ટિ.હૈં.ીઢ્ઢં નું અનાવરણ કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ સૌરાષ્ટ્ર તમિલ સંગમને “સોમસુંદરેશ્વર મહાદેવનો સોમનાથ મહાદેવ સાથેનો સંગમ” ગણાવતા જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમના ૧૦ દિવસ દરમિયાન બંને રાજ્યો વચ્ચે ઈતિહાસ, કલા, ભાષા અને સંસ્કૃતિનું જે આદાન-પ્રદાન થશે, તે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના “એક ભારત શ્રેષ્ઠ ભારત”ના સૂત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરી નવી દિશા આપશે. આ સંગમ ઈતિહાસમાં બે રાજ્યો વચ્ચેનું સૌપ્રથમ અને સૌથી મોટું પુનઃમિલન હશે, જે આ બંને રાજ્યોના ઈતિહાસની મહત્વપૂર્ણ ઘટના બનશે.

મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતુ કે, વડાપ્રધાનશ્રીએ સૌને સાંસ્કૃતિક આદાન-પ્રદાન કાર્યક્રમોને પ્રોત્સાહન આપવા માટે અનુરોધ કર્યો છે, ખાસ કરીને એવા રાજ્યો વચ્ચે જે ભૌગોલિક રીતે અલગ હોય પરંતુ ઐતિહાસિક અને સાંસ્કૃતિક રીતે જોડાયેલા હોય. આ કાર્યક્રમ દરમિયાન ગુજરાત અને તમિલનાડુ રાજ્ય વચ્ચે કલા, ખાણી-પીણી, સાહિત્ય અને રમત-ગમત જેવી વિવિધ પ્રવૃત્તિઓની આપ-લે માટે પ્રદર્શનો, મીટીંગો, ચર્ચાઓ અને સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

# બનાસકાંઠાના ડીસા માર્કેટ યાર્ડમાં જીરૂની ધૂમ આવક

**ખેડૂતોને ૫૭૦૦થી લઈને ૫૮૦૦ રૂપિયા સુધીના પ્રતિ ૨૦ કિલોના ભાવ મળતા ખુશી જોવા મળી રહી છે**

બનાસકાંઠા, તા.૧૯

બનાસકાંઠાના સરહદી પંથકમાં મોટા પ્રમાણમાં ખેડૂતો જીરાના પાકની વાવણી કરે છે ત્યારે આ ખેડૂતો પોતાના ખેતરમાંથી જીરાના પાકનું ઉત્પાદન મેળવી રહ્યા છે અને જીરાના પાકને લઈને માર્કેટયાર્ડમાં વેચાણ માટે પણ આવી રહ્યા છે જીરાના પ્રતિ ૨૦ કિલોના ભાવ ૫૭૦૦ થી લઈને ૫૮૦૦ સુધીના ખેડૂતોને મળી રહ્યા છે. ગત વર્ષ કરતાં આ વર્ષે ઐતિહાસિક ભાવ મળતા ખેડૂતોમાં પણ ખુશી જોવા મળી રહી છે.

જીરાના પાકની ખેતી આમ તો મોટા પ્રમાણમાં રાજસ્થાનમાં વધુ થતી હોય છે. પરંતુ બનાસકાંઠા જિલ્લો એ રાજસ્થાનની સરહદને અડીને આવેલો હોવાના કારણે સરહદી પંથક ગણાતા થરાદ, વાવ,સુઈગામ,તેમજ ધાનેરા પંથકમાં પણ મોટા પ્રમાણમાં ખેડૂતો જીરાના પાકની ખેતી કરે છે. અને ચાલુ વર્ષે મોટા પ્રમાણમાં સરહદી પંથકમાં ખેડૂતોએ જીરાના પાકની વાવણી કરી હતી. અત્યારે આ તમામ ખેડૂતો પોતાના ખેતરમાંથી જીરાના પાકનું ઉત્પાદન મેળવી રહ્યા છે. અને પોતાના પાકને લઈને માર્કેટયાર્ડમાં વેચાણ માટે પણ આવી રહ્યા છે.

બનાસકાંઠાના ડીસા માર્કેટ યાર્ડમાં ચાલુ વર્ષે ખેડૂતો નવા જીરાના પાકને લઈ વેચાણ માટે આવી રહ્યા છે. અને માર્કેટ યાર્ડમાં અત્યારે દરરોજની ૧૦૦થી ૧૫૦ બોરીની આવક નોંધાઈ રહી છે.અને ગત વર્ષ જીરાના પ્રતિ ૨૦ કિલોનો એવરેજ ભાવ ૨૭૦૦ સુધી નોંધાયા હતા. ૨૫૦૦થી ૩ હજાર સુધીની બોરીની આવક નોંધાઈ હતી.અને ચાલુ વર્ષે જીરાના પ્રતિ ૨૦ કિલોના એવરેજ ભાવ ૫૭૦૦થી લઈને ૫૮૦૦ રૂપિયા સુધીના ઐતિહાસિક ભાવ નોંધાયો હતો.જેથી ખેડૂતોને પોસણક્ષમ ભાવ મળતા હોવાથી ખુશી જોવા મળી રહી છે. આગામી સમયમાં જીરાના પાકની આવક માર્કેટ યાર્ડમાં વધવાની શક્યતા છે. અને ભાવ પણ વધવાની શકયતા છે.તેવું ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરી અમૃતભાઈ જોષીએ જણાવ્યું હતું.

# કમોસમી વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં સહાય માટે મુખ્યમંત્રીની સમીક્ષા બેઠક



ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયમાં થયેલા કમોસમી વરસાદને પગલે સર્જાયેલી સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા જિલ્લા કલેક્ટરો સાથે ગાંધીનગરથી વિડિયો કોન્ફરન્સ યોજીને કરી હતી.

ખાસ કરીને અમરેલી, જુનાગઢ તેમ જ સૌરાષ્ટ્ર–કચ્છ, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં થયેલા આ કમોસમી વરસાદથી રવિપાકોની ગુણવત્તાના નુકસાન સહિતના અન્ય નુકસાન તેમજ ઉનાળુ પાકો અને ફળાઉ પાકોના નુકસાનની પ્રાથમિક વિગતો મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે મેળવી હતી.

તેમણે સંબંધિત જિલ્લા કલેક્ટરોને તેમના જિલ્લાઓમાં થયેલા ખેતીવાડી નુકસાનનો પ્રાથમિક સર્વે કરાવી લેવા પણ દિશાનિર્દેશો આપ્યા હતા.આ સંદર્ભમાં જિલ્લા કલેક્ટરશ્રીઓએ પોતાના જિલ્લામાં પાક નુકસાન સહિતના નુકસાનીના સર્વે માટે ટીમ્સ કાર્યરત કરી દેવામાં આવી છે તેની વિસ્તૃત વિગતો આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા કલેક્ટરોને માર્ગદર્શન આપતા કહયુ કે, આ સર્વેમાં કોઈને અન્યાય ન થાય તે રીતે સર્વે કરીને નિયમાનુસારની ચુકવણી માટે યોગ્ય કાર્યવાહી થાય તે આવશ્યક છે.

ભૂપેન્દ્ર પટેલે એમ પણ જણાવ્યુ કે કેન્દ્રિય હવામાન વિભાગે આગામી દિવસોમાં વાતાવરણમાં પલટાનો જે સંભવિત વર્તારો દર્શાવ્યો છે, તેની સામે પાક સંરક્ષણ સહિતનુ આગોતરુ આયોજન જિલ્લા સ્તરે કલેક્ટરો કરી લે. એટલુ જ નહિ, માનવમૃત્યુ કે પશુ જાનહાનિ ન થાય તે માટે સતર્ક રહીને સાવચેતી અને સલામતીના પગલાઓ લેવા તેમણે તાકિદ કરી હતી.

કમોસમી વરસાદ અન્વયે અગમચેતીના ભાગરૂપે પાક સંરક્ષણ માટે લેવાનાં થતાં પગલાં અંગે જિલ્લા કક્ષાએથી એગ્રી એડવાઈઝરી સ્થાનિક પ્રચાર માધ્યમોમાં આપીને ખેડુતોને સમયાનુસાર હવામાન અંગેની જાણ થતી રહે તેવી વ્યવસ્થા કરવા આ વિડીયો કોન્ફરન્સમાં કલેકટરશ્રીઓને માર્ગદર્શન આપતા મુખ્ય સચિવશ્રીએ જણાવ્યુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કમોસમી વરસાદી સ્થિતિના કરેલા આકલન દરમિયાન જણાવવામાં આવ્યું કે રાજયના ૨૭ જિલ્લાઓના ૧૧૧ તાલુકાઓમાં ૧ મિ.મિ.થી ૪૭ મિ.મિ. વરસાદ નોંધાયો છે. મુખ્યત્વે ૧૮ જિલ્લાના ૩૩ તાલુકાઓ એવા છે, જ્યાં ૧૦ મિ.મિ.થી વધુ વરસાદ પડ્યો છે. એટલું જ નહી, તારીખ પાંચ માર્ચથી નવમી માર્ચ દરમિયાન ૨૭ જિલ્લાઓમાં કમોસમી વરસાદ વરસ્યો હતો.

મુખ્યમંત્રીએ યોજેલી આ વિડીયો કોન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી પંકજ જોષી, મહેસુલના અધિક મુખ્ય સચિવશ્રી કમલ દયાની તેમજ સંબંધિત વિભાગોના અગ્ર સચિવશ્રીઓ, સચિવશ્રીઓ અને રાહત કમિશ્નરશ્રી પણ ઉપસ્થિત રહયા હતા.

# બ્રહ્માકુમારીઝ મુખ્યાલય ખાતે રાજયોગિની દાદી રતનમોહિનીજીના ૯૯માં જન્મોત્સવ સમારોહ યોજાયો

**રાજસ્થાનની ધરતી પરથી નશામુક્ત ભારતનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ**

આબુ, તા.૧૯

આબુરોડ સ્થિત બ્રહ્માકુમારીઝ મુખ્યાલય ખાતે રાજયોગિની દાદી રતનમોહિનીજીના ૯૯માં જન્મોત્સવ સમારોહમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉપસ્થિતિ રહી કેક કાપી, દિપ પ્રાગટ્ય કરી રાજસ્થાનની ધરતી પરથી નશામુક્ત ભારત-૨૦૨૩ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ લીલી ઝંડી આપી ૨૮ રાજયો અને ૨ કેન્દ્ર શાસિત પ્રદેશમાં નશામુક્તિ અભિયાનના પ્રદર્શનનો પણ પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયોગિની દાદી રતનમોહિનીજીને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે, આપ સ્વસ્થ રહી સૌનું આધ્યાત્મિક માર્ગદર્શન કરતા રહો એવી પરમ પિતા પરમાત્માને પ્રાર્થના કરુ છું. તેમણે કહ્યું કે, વિશ્વના લોકપ્રિય નેતા ભારતના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસનો મંત્ર આપ્યો છે એ કાર્ય મંત્રથી સરકાર સમાજ સેવાનું કાર્ય કરે છે. બ્રહ્માકુમારીઝ સંસ્થા પણ આધ્યાત્મિક માર્ગદર્શન, પર્યાવરણ સુરક્ષા અને સમાજ સેવાનું કામ કરે છે. બ્રહ્માકુમારીઝ સંસ્થાના પ્રયાસોની સરાહના કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે રાજયોગિની દાદી રતન મોહિનીજીના જન્મદિવસને સમાજ સેવાના અભિયાન સાથે મનાવવામાં આવી રહ્યો છે એ સોનામાં સુંગધ સમાન છે. આધ્યાત્મિક જીવનની મહાન જીવનયાત્રામાં દાદીજીએ પરમાત્મા, પ્રેમ અને વિશ્વ સેવામાં સ્વયંને સંપૂર્ણ સમર્પિત કર્યુ છે. વિશ્વભરના અનેક આત્માઓના જીવનમાં ઈશ્વરીયજ્ઞાન પ્રકાશિત કરી તેમને હીરા સમાન બનાવ્યા છે. દાદીજીએ ઈશ્વરીય શિક્ષાઓનો પ્રસાર કરી વસુધૈવ કુટુમ્બકમની ભાવનાને સાકાર રૂપ આપી વિશ્વમાં શાંતિ સ્થાપના કરવાની શ્રેષ્ઠ સાધના કરી છે. પૂજ્ય દાદીના પ્રયાસોથી હજારો લોકોને આધ્યાત્મિક માર્ગદર્શન મળ્યું છે તથા તેમની પ્રેરણાથી સમાજ સેવામાં બ્રહ્માકુમારીઝ સંસ્થા ખુબ મોટી જવાબદારી નિભાવી રહી છે. બ્રહ્માકુમારીઝ સંસ્થાના ઈતિહાસ અને આદર્શોથી પરિચિત હોવાનું જણાવી મુખ્યમંત્રીએ કહ્યુંકે, આ સંસ્થા સાધારણ આધ્યાત્મિક સંગઠનથી શરૂ કરીને આજે વૈશ્વિક સંગઠન બની ગયું છે. આ સંસ્થા આજે વિશ્વના ૧૪૦ દેશોમાં સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સશક્તિકરણનું કામ કરે છે.



# ‘ભારતીય શિક્ષણ પ્રણાલીમાં ગુરુકુળ પરંપરાનું સ્થાન’ પરિસંવાદ યોજાયો

**આઝાદીના અમૃત કાળમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ માટે કટિબદ્ધ થઈએ : શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોર**




ગાંધીનગર, તા.૧૯

અમદાવાદમાં દિનેશ હૉલ ખાતે આયોજિત ’ભારતીય શિક્ષણ પ્રણાલીમાં ગુરુકુળ પરંપરાનું સ્થાન’ પરિસંવાદમાં શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર અતિથિવિશેષ તરીકે ઉપસ્થિતિ રહ્યા હતા. આ પ્રસંગે શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ઘડાયેલી નવી શિક્ષણ નીતિના માધ્યમથી ભારતીય ગુરુકુળ પરંપરા પુનઃપ્રસ્થાપિત થશે. આઝાદીના અમૃત કાળમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ માટે આપણે સૌ કટિબદ્ધ થઈએ. આ બાબતે સામુહિક મનોમંથન અને પ્રયાસો કરીએ એવો અનુરોધ મંત્રીશ્રીએ કર્યો હતો. અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ આયોજિત પરિસંવાદના ઉદઘાટન સત્રમાં શિવાનંદ આશ્રમના વડા પૂ. સ્વામી પરમાત્માનંદ સરસ્વતી, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા, શિક્ષણકાર શ્રી મફતભાઈ પટેલ, અચલા ફાઉન્ડેશનના ટ્રસ્ટી સુશ્રી અનારબહેન પટેલે ભારતીય ગુરુકુળ પરંપરા અંગે મનનીય વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે શિક્ષણ મંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે ગુરુકુળના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ડૉ. મફતભાઈ પટેલનાં હિન્દી અનુવાદિત પુસ્તકો, ’અચલા’ સામયિકના ભારતીય ગુરુકુળ પરંપરા પરના વિશેષાંક સહિત શિક્ષણને લગતાં અન્ય પુસ્તકોનું પણ મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૧ તાલુકામાં કમોસમી વરસાદ પડ્યો

**વરસાદથી રવિપાક જેવાકે રાયડો, જીરૂ, એરંડા, ઘઉંના પાકને પારાવાર નુકસાન પહોંચ્યું**

અમદાવાદ, તા.૧૯

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૮૧ તાલુકમાં કમોસમી વરસાદ થતાં ખેડૂત મુશ્કેલીમાં મૂકાયા છે. કચ્છના ભૂજમાં સૌથી વધુ ૨ ઈંચ કમોસમી વરસાદ પડ્યો છે.

પાટણના સરસ્વતી તાલુકામાં પોણા ૨ ઈંચ કમોસમી વરસાદ વરસ્યો છે.અમદાવાદ માંડલમાં પોણા બે ઈંચ કમોસમી વરસાદ થયો. હિંમતનગર તાલુકામાં દોઢ ઈંચ વરસાદ પડ્યો તો ધનસુરા સિદ્ધપુર, ડીસા, દાંતા અને ઈડરમાં પણ એક-એક ઈંચ વરસાદ ખાબક્યો. બેચરાજી, માંડવી પાટણ, વડ્ગામમાં પણ અડધો-અડધો ઈંચ વરસાદ પડ્યો છે. ઉપરાંત મોડાસા સૂઈગામ માંગરોલ, દાહોદ, જાંબુઘોડામાં પણ અડધો-અડધો ઈંચ વરસાદ પડ્યો છે. ઉપરાંત અન્ય ૬૧ તાલુકામાં હળવાથી સામાન્ય વરસાદ પડ્યાંના અહેવાલ છે. અરવલ્લી જિલ્લામાં કમોસમી વરસાદથી ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. સતત બે દિવસથી વરસતાં વરસાદના કારણે મકાઈ, તકબૂચ સહિતના બાગાયતી પાકને પણ પારાવાર નુકસાન થયું છે. બનાસકાંઠામાં મોટા ભાગના તાલુકામાં એક ઈંચ વરસાદ પડતાં અહીના ખેડૂતોની સ્થિતિ કફોડી બની છે. અહીં રાયડો, જીરૂ, એરંડા, ઘઉંના પાકને પારાવાર નુકસાન થયું છે. કમોસમી વરસાદે કેરીની મજા બગાડી છે. કેશર કરીના પાકમા મોટા પ્રમાણમાં નુકશાન થયું છે. સૌરાષ્ટ્ર મોટા ભાગના જીલ્લાઓમાં કેરીના પાકમા નુકશાન થયુ છે. સતત બે વખત કમોસમી વરસાદના કારણે મોટા પ્રમાણમાં નુકસાન થઈ રહ્યું છે. કેરીના પાકમાં નુકસાન થતા કેરીના ભાવ આસમાને પહોંચ્યા છે,ગત વર્ષ કરતાં પણ આ વર્ષે કેરીના ભાવ આસમાને પહોંચશે. રાજકોટ શહેરમાં એક કિલો કેરીના ભાવ ૩૫૦ થી ૪૦૦ રૂપિયા છે. કેરીના ભાવ ઊંચા હોવા છતાં પણ ક્વોલિટી પણ સારી નથી મળી રહી. હાલમાં સૌથી વધુ રત્નાગીરી મહારાષ્ટ્રની હાફૂસ કેરીની આવક થઈ રહી છે. તો તો સાઉથ ના અલગ અલગ રાજ્યોમાંથી લાલબાગની પણ આવક પણ થઈ રહી છે. ૨ જુનાગઢ ગીર સોમનાથ અને પોરબંદર તથા અમરેલી પંથકમાંથી પણ કેરીની આવક થઈ રહી છે. કેસરમાં આ વખતે બમ્પર ઉત્પાદન આવવાનું હતું પરંતુ કમનસીબે બે વખત કમોસમી વરસાદ કરા સાથે પડતા મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. કમોસમી વરસાદે કેરીના પાક સહિત તરબૂચ સહિતના પાકને નુકસાન થયું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

## રસ્તો અદશ્ય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અલબત નવી લાઈન નાંખવા માટે હાથ ધરાયેલી ખોદકામગીરીના લીધે ઠેર ઠેર માટીના ઢગ જોવા મળે છે. જયારે સેકટરોના આંતરિક માર્ગો પર માટી પથરાયેલી રહેતા ગઈકાલે વરસાદના લીધે આ ઠેકાણે કાદવ કિચ્ચડથી આખો માર્ગ ઢંકાઈ ગયો હતો. રાજભવનથી ડગલા દુર સ્થિત આ વિસ્તારની હાલત હાલ છેવાડાના ગામડા જેવી થઈ ગઈ છે. જયારે ગારાથી લથબથતા આ માર્ગ પર આજે પણ અનેક વાહનચાલકો અકસ્માતનો ભોગ બન્યા હતા. સોસાયટીમાં અવરજવર કરતા મુલાકાતીઓ અને રહીશો પણ આજા ફસાજાની સ્થિતિમાં મુકાઈ ગયા છે. સોસાયટીમાં અવરજવર કરવાનો રસ્તો હોવાથી સ્થાનિક રહીશો પરેશાની વેઠી રહ્યા છે. આ વિસ્તારમાં ખોદકામ બાદ માટી પાથરી દેવામાં આવી હતી જેના લીધે વરસાદના સંજોગોમાં આખો માર્ગ પર કાદવના થર જામ્યા છે. જેના લીધે અસહ્ય ગંદકી વચ્ચે સ્થાનિકો પરેશાની વેઠી રહ્યા છે. તંત્ર દ્વારા ખોદકામ બાદ આ વિસ્તારમાં હવે ડામર રસ્તો કરવા રીસરફેસીંગનુ તાત્કાલિક કામ કરવામાં આવે તેવી પણ લાગણી અને માંગણી પ્રબળ બની છે.

## ત્રેવડી ઋતુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લઈને આવી રહ્યા છે. વળી વાયરલ ઈન્ફેક્શન પર કોઈ પ્રકારની એન્ટીબાયોટીક દવા અસર કરી રહી નથી. વળી હેવી વાયરસ હોઈ તેની અસર ૮ થી ૧૦ દિવસ સુધી રહેતી હોવાથી દર્દીઓ હેરાન પરેશાન થઈ ગયા છે.

તબીબો સાવચેતી રાખવાની સલાહ આપી રહ્યા છે. કોરોના બાદ લોકોની ઈમ્યુનિટી નબળી પડી ગઈ હોવાથી રોગચાળો વકર્યો છે. બહાર જાવ ત્યારે માસ્ક પહેરીને રાખવુ તથા હાથને સતત સેનેટાઈઝ કરવા, ઉધરસ કે તાવ હોય તો ઘરમાં પણ માસ્ક પહેરીને રાખવુ જેથી કરીને ઘરના અન્ય સભ્યોને ઈન્ફેક્શનથી બચાવી શકાય.

## લપેટાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી ગયો હતો જયારે લઘુત્તમ તાપમાન પણ ૩ ડીગ્રી ગગડયુ હતુ. છેલ્લા ત્રણ દિવસમાં વાતાવરણ પલ્ટાની અસરથી લઘુત્તમ તાપમાન ૪ ડીગ્રી ગગડયુ છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધ્યુ છે. સવારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૭૫ ટકા રહ્યુ હતુ. કમોસમી વરસાદના અંતે સેકટરોમાં ઠેર ઠેર વરસાદી સમસ્યાઓ ઉભરી રહી છે. સેકટરોમાં ઠેર ઠેર કચરાના ઢગ ખડકાયા છે. જયારે માર્ગો પર પણ ઘણાં ઠેકાણે માટીના ઢગ પથરાયેલા છે. જાહેર સ્થળોએ પણ ગંદકી ખદબદી રહી છે. શહેરમાં વાતાવરણની અસરથી મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે. જેના લીધે આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે. હવામાન તજજ્ઞોના મતે હજુ પણ આગામી દિવસોમાં વરસાદી નઝારો યથાવત રહેશે અલબત્ત માર્ચ મહીનાના આખરી સપ્તાહમાં પણ વાતાવરણ પલ્ટાની અસર જોવા મળશે જયારે આ દરમિયાન ગમે ત્યારે માવઠુ પણ થવાની સંભાવના છે. શહેરીજનો આકરા ઉનાળે મોસમના આ વિચિત્ર મિજાજથી પ્રભાવિત છે. ત્યારે એકબાજુ કોરોનાના કેસ પણ વધી રહ્યા છે આવા સંજોગોમાં વાતાવરણ પલ્ટાની અસરના લીધે વાયરલની તકલીફો પણ વધી રહી છે. જેના લીધે સેકટરોમાં શરદી ઉધરસની તકલીફો પણ રહીશો પરેશાન છે. આ સ્થિતિ વચ્ચે નગરજનોએ આરોગ્ય વિષયક સાવચેતી વિશેષ દાખવવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

## પોલીસે ઘેર્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સેવાઓ (બેંકિંગ અને મોબાઈલ રિચાર્જ સિવાય) અને વોઈસ કોલ્સ સિવાય મોબાઈલ નેટવર્ક પર પૂરી પાડવામાં આવતી તમામ ડોંગલ સેવાઓ ૧૯ માર્ચ (બપોર ૧૨ વાગ્યા)થી ૨૦ માર્ચ (બપોરના ૧૨ વાગ્યા) સુધી સસ્પેન્ડ કરવામાં આવશે. આ કારણોસર હિંસા ભડકતી અને શાંતિ અને જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડતી દરેક પ્રકારની ઘટનાઓને રોકી શકાય. આદેશમાં કહેવામાં આવ્યું છે કે બ્રોડબેન્ડ સેવાઓને સ્થગિત કરવામાં આવી રહી નથી જેથી બેંકિંગ સુવિધાઓ, હોસ્પિટલ સેવાઓ અને અન્ય આવશ્યક સેવાઓ ઉપલબ્ધ રહે.

## ચીન સાથેના

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારોમાં જોવા મળ્યા હતા. અમે અમારા સૈનિકો તૈનાત કર્યા છે, અમે અમારી જમીન પર ઊભા છીએ.

જયશંકરે કહ્યું કે હું અને ચીનના તત્કાલીન વિદેશ મંત્રી વાંગ યી સપ્ટેમ્બર ૨૦૨૦માં આ મુદ્દાને કેવી રીતે ઉકેલવા તે અંગે સૈદ્ધાંતિક રીતે સહમત થયા હતા. ચીને જે સમજૂતી થઈ હતી તેને તે પૂર્ણ કરવી પડશે. જ્યાં સુધી આ સમસ્યાઓનું સમાધાન નહીં થાય ત્યાં સુધી બંને પાડોશી દેશો વચ્ચેના સંબંધો સામાન્ય નહીં થઈ શકે. પૂર્વી લદ્દાખમાં કેટલીક જગ્યાએ ભારત અને ચીનના સૈનિકો લગભગ ત્રણ વર્ષથી આમને-સામને છે. જો કે, બંને પક્ષોએ વ્યાપક રાજદ્વારી અને સૈન્ય વાટાઘાટો બાદ કેટલાક વિસ્તારોમાંથી ચીને પોતાના સૈનિકોને પાછાબોલાવ એવા ઘણા ક્ષેત્રો છે જ્યાં આપણે આ વિશે ચર્ચા કરી રહ્યા છીએ.

## દિલ્હી પોલીસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે બળાત્કાર થયા છે. અમે તેમની પાસેથી વિગતો લેવાની કોશિશ કરી રહ્યા છીએ, જેથી પીડિતોને ન્યાય અપાવી શકાય.

દિલ્હી પોલીસના સ્પેશિયલ સીપી સાગર પ્રીત હુડ્ડાએ કહ્યું કે, અમે ૧૫ માર્ચે તેમની પાસે પહોંચ્યા, પણ તેઓ મળ્યા નહીં. તેમણે કહ્યું કે, તેના બીજા બે દિવસ પણ અમે ગયા. તેમને નોટિસ આપી હતી. અમે અહીં પીડિતોની વિગતો લેવા આવ્યા હતા. જો પીડિત દિલ્હીથી હશે તો તપાસ ફટાફટ થશે. સ્પેશિયલ સીપી સાગર પ્રીત હુડ્ડાએ કહ્યું કે, અમે રાહુલ ગાંધી સાથે બેઠક કરી. તેમણે કહ્યું કે, તેમને થોડો સમય જોઈએ. તેઓ અમને એ જાણકારી આપશે, જે અમારે જોઈએ છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, આ એક લાંબી યાત્રા હતી અને તેમણે કેટલાય લોકો સાથે મુલાકાત કરી હતી. તેને ભેગુ કરવા માટે થોડો સમય લાગશે. તેમણે અમને વિશ્વાસ અપાવ્યો છે કે, તેઓ ટૂંક સમયમાં જાણકારી આપશે. વિગતો મળતા જ અમે તેના પર કાર્યવાહી શરુ કરી દઈશું.

## અટકાવ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

અદાણી એન્ટરપ્રાઈઝિસ લિમિટેડે ૨૦૨૧માં ગ્રીનફિલ્ડ કોલસામાંથી પીવીસી બનાવવાનો પ્લાન્ટ સ્થાપવા મુંદ્રા પેટ્રોકેમ લિ.ની સ્થાપના કરી હતી. હવે તેનું કામકાજ બંધ કરી દેવાયું છે.

હિન્ડનબર્ગ રિપોર્ટના કારણે અદાણી જૂથમાં હલચલ મચી ગઈ છે ત્યારે અદાણીએ હવે પોતાની હાલની કામગીરીને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અદાણીનો કોલસાથી પીવીસી બનાવવાનો પ્લાન્ટ કચ્છ ખાતે અદાણી પોર્ટ એન્ડ જીઈઢની જમીન પર બનવાનો હતો. પરંતુ હિન્ડનબર્ગે અદાણી જૂથ પર સ્ટોકના ભાવમાં ચેડા કરવાનો આરોપ મુક્યા પછી અદાણી જૂથની માર્કેટ કેપિટલમાં ૧૪૦ અબજ ડોલરનું ધોવાણ થયું છે.